માંડવીના ઘંટોલીમાં વાન અને બાઇક અથડાતાં એકનું મોત

ત્રિપલ સવારી જતી બાઇકને અકસ્માત નડતાં અન્ય બે ઘાયલ

હિતેશ પટેલ

માંડવી: માંડવીના દઢવાડા ગામે દેવી ફળિયામાં રહેતાં તક્ષ્વીબેન (ઉ.વ.૧૯), સ્નેહલબેન રાયસિંગભાઈ ચૌધરી અને પ્રિયાંશભાઈ પ્રવીણભાઈ ચૌધરી બાઇક નં.(GJ-19-BQ-7433) પર સવાર થઈને સવારે દસેક વાગ્યે દઢવાડા ગામથી માંડવી તરફ જઈ રહ્યાં હતાં. દરમિયાન ઘંટોલી ગામની સીમમાં માંડવી તરફથી પૂરઝડપે આવી રહેલી એક મારુતિ વાન નં.(GJ-21-8577)ના ચાલકે તેમની બાઇકને સામેથી જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બાઇક પર સવાર ત્રણેયને ગંભીર ઇજા પહોંચી હતી. અકસ્માત સર્જીને વાન ચાલક વાહન લઈ નાસી છૂટ્યો હતો. ઘટનાની જાણ થતાં જ આસપાસના સ્થાનિક લોકો તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તોને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે માંડવીની સરકારી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર માટે ખસેડ્યા હતા. ત્યાંથી વધુ સારવાર માટે તેમને બારડોલીની સરદાર સ્મારક હોસ્પિટલ અને ત્યારબાદ સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન ગંભીર રીતે ઘવાયેલી ૧૯ વર્ષીય યુવતી તક્ષ્વીબેનનું મોત નીપજ્યું હતું. માંડવી પોલીસે આ મામલે વાન ચાલકને ઝડપી પાડી તપાસ હાથ ધરી છે.

ઓલપાડ કાંઠા વિસ્તારમાં વરસાદના અભાવે ધરુ સુકાતાં ખેડૂતોમાં ચિંતા

સિંચાઈ તંત્ર કાંઠાની કેનાલોમાં પૂરતા દબાણથી પાણી છોડે તેવી ખેડૂતોની માંગ

સાયણ: સુરત જિલ્લામાં અને ખાસ કરીને ઓલપાડ તાલુકામાં વરસાદના રીસામણાથી કાંઠામાં ડાંગરની ખેતી કરતાં મહત્તમ ખેડૂતોના ડાંગર ધરૂ સુકાઈ રહ્યા હોવાથી ખેડૂતોમાં ચિંતાનાં વાદળો ઘેરાયાં છે.

ઓલપાડ કાંઠા વિસ્તારના ખેડૂતોનું જીવન નિર્ભર મુખ્યત્વે ઉનાળુ અને ચોમાસુ ડાંગરનો પાક છે. જેથી કાંઠાના ખેડૂતોએ ઉનાળુ ડાંગરના પાકની લણણી બાદ તરત જમીન તૈયાર કરી ચોમાસું ડાંગરની રોપણી માટે ડાંગરનું ધરૂ નાંખી ઉગાડી રાહતનો દમ લીધો હતો. જો કે, છેલ્લાં ઘણાં વર્ષોથી ૨૧મી જૂન પછી ચોમાસાના વરસાદની શરૂઆત થતાં ખેડૂતો ડાંગરની રોપણી શરૂ કરતાં હોય છે. પરંતુ ચાલુ વર્ષે વરસાદના રીસામણાંથી ડાંગરની રોપણીની વાત તો બાજુએ રહી, પણ હાલમાં સિંચાઈ પાણીની અછતથી ડાંગરના ઊભા ધરૂ સુકાઈ રહ્યા છે. જેના કારણે ડાંગર પકવતા ખેડૂતોની હાલત કફોડી થઈ ગઈ છે. એક તરફ વરસાદ ખેંચાયો છે, ત્યારે બીજી તરફ સિંચાઈ વિભાગ દ્વારા કાંઠાની કેનાલોમાં પાણી ન છોડાતાં ડાંગરના ઊભા ધરૂ સુકાવાને આરે છે. જેના પગલે ઓલપાડ તાલુકાના કાંઠા વિસ્તારના કમરોલી, નઘોઈ, કરંજ પારડી, મોર, ભગવા, જીણોદ, દેલાસા, મિરઝાપોર સહિતના ગામના ખેડૂતો પૈકી નરેન્દ્ર રામજીભાઈ પટેલ, શુભમ પટેલ, દીપક પટેલ અને મહેન્દ્રભાઈ પટેલે વ્યથા ઠાલવી હતી કે, અમને આજે પણ સિંચાઈ તંત્ર તરફથી કેનાલમાં ડાંગરના ધરૂ માટે પાણી મળતું નથી. જ્યારે આ વિસ્તારના ખેતરમાં પાણીના જો બોર ખોદવામાં આવે તો બોરિંગનું પાણી પણ ક્ષારવાળું ખારુ નીકળે છે. જે પાણીથી ખેતી કરી શકાય તેમ નથી. જેથી અમારા ડાંગરના ઊભા ધરૂ સુકાઈ રહ્યા હોવાથી નુકસાન તો થઈ જ રહ્યું છે, પણ સાથે જો ધરૂ નાશ થશે તો અમો ડાંગર રોપણી લાયક વરસાદ પડશે ત્યારે ધરૂ લાવીશું ક્યાંથી? જ્યારે હાલમાં ઉકાઈ ડેમમાં હાલ ૩૧૦ ફૂટ જેટલું પૂરતું પાણી હોવા છતાં સિંચાઈ વિભાગ દ્વારા અમારા કાંઠા વિસ્તારની કેનાલમાં પૂરતા પ્રેસરથી પાણી છોડતા નથી. જેથી અમારી સિંચાઈ તંત્રને માંગ છે કે, કેનાલમાં તાકીદે પૂરતા પ્રેસરથી પાણી છોડે અને આ મામલે ઓલપાડ ધારાસભ્ય મુકેશભાઈ પટેલ પણ અંગત રસ લેશે તો જ અમારું થોડું ઘણું ડાંગરનું ધરૂ બચી શકશે.

વિશાલ પટેલ

કામરેજ સહકારી ખરીદ વેચાણ સંઘ સભાસદોને 20 ટકા ડિવિડન્ડ આપશે

સંસ્થાની 62મી વાર્ષિક સાધારણ સભા મળી

કામરેજ: કામરેજ ચાર રસ્તા ખાતે આવેલા કામરેજ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘની શનિવારના રોજ 62મી વાર્ષિક સાધારણ સભા સંસ્થાના પ્રમુખના અધ્યક્ષતામાં મળી અને એજન્ડા પરના કામો સર્વાનુમત્તે મંજૂર કરવામાં આવ્યા હતા.

આ વાર્ષિક સાધારણ સભા સંસ્થાના કમાપાઉન્ડમાં સવારે 9.45 કલાકે સંસ્થાના પ્રમુખ રમેશભાઈ પટેલ (જોખા)ની અધ્યક્ષતામાં મળી હતી.મોટી સંખ્યામાં સભાસદો પણ ઉપસ્થિત રહ્યા હતાં.સંસ્થાના મેનેજર મુકુદ પટેલે એજન્ડા પરના કામોનુ વાંચન કરી સભાએ સર્વાનૂમતે મંજૂર કરવામાં આવ્યા હતા. બાદમાં સંસ્થાના પ્રમુખ રમેશભાઈ પટેલ(જોખા) એ સીઝન દરમિયાન ફટાકડા,સીમેન્ટ,સળિયા એંગલ,સીમેન્ટ પતરા,ગેલ્વેનાઈઝ પતરા,ખેતી-ઓજાર,ગ્રોસરી વિભાગ,કાપડ વિભાગ,સુમુલ પાર્લર મળી કુલ વર્ષ દરમિયાન 9,46,57,322નો વેપાર કરવામાં આવ્યો છે. જે ગત વર્ષની સરખામણી કરતાં અંદાજે 2 કરોડ રૂપીયા વધુ છે. જેના લઈને ચાલુ વર્ષનો નફો રૂ.35,14,211નો થયો છે. ગત વર્ષે 15 ટકા આપવામાં આવ્યુ હતુ.જે આ વર્ષે 20 ટકા આપવાનુ નકકી કરવામાં આવ્યુ છે. અંતે આભારવિધિ સંસ્થાના ઉપપ્રમુખ નિલેશ સેગવાકર (સેગવા)એ કરી હતી.

સંક્ષિપ્ત સમાચાર

ઉમરપાડા શિક્ષક સંઘનો TET સામે વિરોધ

વિનોદ મેસુરીયા

વાંકલ: TET પરીક્ષાની વિસંગતતાઓ અંગે ઉમરપાડા શિક્ષક સંઘે ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. શિક્ષકોમાં પ્રવર્તતા ભારે અસંતોષને પગલે સંઘના પ્રતિનિધિમંડળે સ્થાનિક ધારાસભ્ય ગણપતસિંહ વસાવાની રૂબરૂ મુલાકાત લીધી હતી. શિક્ષકોએ ધારાસભ્યને આવેદનપત્ર સોંપી રાજ્ય સરકારમાં ઉચ્ચ સ્તરે મધ્યસ્થી કરવા વિનંતી કરી હતી. ધારાસભ્યએ આ બાબતે યોગ્ય રજૂઆત કરવાની ખાતરી આપી છે.

કોસમાડા નજીક ટેમ્પો પલટી જતાં યુવાનનું મોત

કામરેજ: કામરેજના કોસમાડા ગામ નજીક એન્થમ સર્કલ પાસે શુક્રવારે રાત્રે ૧૦ વાગ્યે સ્ટડી ટેબલની ડિલિવરી કરી પરત ફરતો ટેમ્પો પલટી મારી ગયો હતો. અકસ્માતમાં ટેમ્પો નં.(જીજે 05 બીટી 6623)માં સવાર મૂળ મધ્યપ્રદેશના ૨૩ વર્ષીય શ્રમિક યુવાન ભયલુ સપુ ખરાડીને ગંભીર ઈજાઓ થતાં સુરતની ખાનગી હોસ્પિટલમાં ટૂંકી સારવાર બાદ મોત નીપજ્યું હતું. જ્યારે ચાલકને સામાન્ય ઈજા થઈ હતી. કામરેજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મહુવાના કાનીમાં પરિણીતાનો આપઘાત

અનાવલ: મહુવાના કાની ગામના આંટિયા ફળિયામાં રહેતાં ૩૫ વર્ષીય કંચનબેન સુનીલભાઈ હળપતિએ ગત ૨૫ જૂનના રોજ અગમ્ય કારણોસર ઘાસ મારવાની ઝેરી દવા પી લીધી હતી. ગંભીર હાલતમાં તેમને નવસારી સિવિલ હોસ્પિટલ ખસેડાયાં હતાં, જ્યાં ૨૬ જૂનની વહેલી સવારે સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. આ અંગે મહુવા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ આદરી છે.

અંત્રોલીનો આરોપી પાસા હેઠળ જેલભેગો

પલસાણા: અંત્રોલી ગામના ભૂરી ફળિયાના ૨૧ વર્ષીય ઓમ પ્રકાશભાઈ વાંસફોડિયા વિરુદ્ધ કડોદરા GIDC પોલીસે પાસા હેઠળ કાર્યવાહી કરી છે. મારામારી, ધાકધમકી અને જાહેર મિલકતને નુકસાન પહોંચાડવા જેવા અનેક ગંભીર ગુનાહિત ઇતિહાસ ધરાવતા આ આરોપીને જિલ્લા મેજિસ્ટ્રેટના વોરંટ આધારે ઝડપી પાડી રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવામાં આવ્યો છે.

મહુવેજમાં નહેરમાં ડૂબતાં યુવાનનું મોત

હથોડા: મૂળ બિહારના પટના અને હાલ મહુવેજની યુનાઇટેડ કંપનીમાં રહી મજૂરી કરતો અનુરાગ જયપ્રકાશ પ્રસાદ (ઉ.વ.૧૮) મહુવેજની જમણા કાંઠા મોટી નહેરમાં નાહવા પડ્યો હતો. જ્યાં ઊંડા પાણીમાં ડૂબી જતાં તેનું મોત નીપજ્યું હતું. કોસંબા પોલીસે લાશનો કબજો મેળવી વધુ તપાસ હાથ ધરી છે.

તરસાડીનો અરશદ શેખ જેલમાં ધકેલાયો

હથોડા: સગીરાની છેડતીના ગુનામાં છેલ્લા ચાર-પાંચ દિવસથી નાસતા ફરતા તરસાડીના આરોપી અરશદ હારૂન શેખને પોલીસે બાતમીના આધારે ઝડપી પાડી જેલભેગો કર્યો છે. કોસંબા પોલીસે પકડાયેલા આરોપી સામે કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરી છે.

સિંગોદ પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ

બારડોલી: બારડોલીની સિંગોદ અને સિંગોદ વાંદરીયા પ્રાથમિક શાળાના સંયુક્ત પ્રવેશોત્સવનું આયોજન સિંગોદ શાળામાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સુરત જિલ્લા પંચાયતના સુરાલી બેઠકના નવનિયુક્ત સભ્ય અરુણાબેન પી.ચૌધરી અને બારડોલી તાલુકા પંચાયતના માજી ઉપપ્રમુખ કિશોરભાઈ ચૌધરીએ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં શાળાના આચાર્ય નાનસિંગભાઈએ તમામ મહેમાનોનું સ્વાગત પ્રવચન કર્યું હતું. આ અવસરે ગામના અગ્રણીઓ જયંતીભાઇ અને કિરણભાઈએ હાજર રહીને બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શાળાની તેજસ્વી વિદ્યાર્થિની આરાધ્યાબેને કર્યું હતું. આ ઉત્સવને સફળ બનાવવા માટે કાશ્મીરાબેન, છાયાબેન, લીનાબેન અને અનસૂયાબેને ભારે જહેમત ઉઠાવી હતી. જ્યારે શાળાના ઉપશિક્ષક શૈલેષભાઇ તથા બાલદા સી.આર.સી. રાજેશભાઈએ લાયઝનની મહત્ત્વની કામગીરી સુપેરે પાર પાડી હતી.

ગડતમાં અકસ્માત થતાં એકનું મોત

વ્યારા: ડોલવણ તાલુકાના ગડતમાં નેશનલ હાઈવે નં.56 પર ગત ૧૭ જૂને મોડી રાત્રે અકસ્માત સર્જાયો હતો. સુરતના મહુવરિયા ગામના ૪૦ વર્ષીય બુલેટ નં.(GJ 19 AJ 1661)ના ચાલક મયૂર સુખદેવભાઈ ચૌધરીએ કાબૂ ગુમાવતાં બુલેટ સાઇન બોર્ડ સાથે ભટકાયું હતું. ગંભીર ઈજાગ્રસ્ત મયૂરભાઈનું સુરત સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

ધી કીમ વિભાગ નાગરિક સહકારી ધિરાણ મંડળીના હોદ્દેદારો બિનહરીફ

રીપલસિંહ ઠાકોર પ્રમુખ, હેમંતભાઈ પટેલ ઉપપ્રમુખ બન્યા

કિરણ ઢોડિયા

કીમ: ધી કીમ વિભાગ નાગરિક સહકારી ધિરાણ મંડળીની વ્યવસ્થાપક સમિતિની સામાન્ય સભા યોજાઈ હતી. સભામાં આગામી વર્ષ-2026થી 2031નાં પાંચ વર્ષના કાર્યકાળ માટે પ્રમુખ, ઉપપ્રમુખ અને માનદ મંત્રીની બિનહરીફ ચૂંટણી સર્વાનુમતે સંપન્ન થઈ હતી.

સભાના પ્રમુખ તરીકે કેતનભાઈ પટેલની નિમણૂક કરવામાં આવી હતી. ત્યારબાદ મુખ્ય એજન્ડા મુજબ પ્રમુખ પદે રીપલસિંહ રણજીતસિંહ ઠાકોર, ઉપપ્રમુખ પદે હેમંતભાઈ મગનભાઈ પટેલ તથા માનદ મંત્રી તરીકે યોગેન્દ્રસિંહ નારસિંહ મહિડાના નામની દરખાસ્ત સર્વાનુમતે મંજૂર કરવામાં આવી હતી. સન-2026થી 2031ના કાર્યકાળ માટેની ચૂંટણી પ્રક્રિયા સન્મુખભાઈ ઢીમર, જશવંતસિંહ ખેર અને સતીષભાઈ પટેલની દેખરેખ હેઠળ પૂર્ણ કરાઈ હતી. સભાના અંતે મંડળીના મેનેજર ભાવિન મોદીએ ઉપસ્થિત તમામ સભ્યોનો આભાર વ્યક્ત કરી બેઠક પૂર્ણ જાહેર કરી હતી.

જોળવામાં ત્રીજા માળેથી પટકાતાં સાત વર્ષની બાળકીનું મોત

પલસાણા: પલસાણાના જોળવા ગામની સત્યમ રેસિડેન્સીના ત્રીજા માળે રમતી વખતે સંતુલન બગડતાં ૭ વર્ષની માસૂમ બાળકી શિવાંગી બ્રિજેશભાઈ પાઠક અચાનક નીચે પટકાઈ હતી. ત્રીજા માળેથી નીચે પડવાને કારણે બાળકીને માથા અને છાતીના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. લોહીલુહાણ હાલતમાં તેને તાત્કાલિક ૧૦૮ મારફતે બારડોલીની સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કરી હતી. આ મામલે પલસાણા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

અંધાત્રી ગ્રામ પંચાયતનાં મહિલા સરપંચ ફરી ખુરશી પર બિરાજશે

અસંતુષ્ટો દ્વારા અવારનવાર ફરિયાદ કરાતાં જિલ્લા વિકાસ અધિકારીએ સસ્પેન્ડ કર્યાં હતાં

વાલોડ: વાલોડની અંધાત્રી ગ્રામ પંચાયતનાં મહિલા સરપંચ ભાવનાબેન ઢોડિયાને રાહત મળી છે. વહીવટી પ્રક્રિયા વિના નાણાકીય ચૂકવણું અને કામોમાં વિસંગતતાના આક્ષેપસર સરકારી નિયમો હેઠળ તાપી જિલ્લા વિકાસ અધિકારી દ્વારા ગત ૨૩ એપ્રિલ-૨૦૨૫ના રોજ તેમને સરપંચ પદેથી દૂર કરવામાં આવ્યાં હતાં.

જો કે, ભાવનાબેને આ અન્યાયી નિર્ણય સામે ગાંધીનગર વિકાસ કમિશનર સમક્ષ અપીલ દાખલ કરી હતી. સુનાવણી દરમિયાન સામે આવ્યું કે, વર્ષ ૨૦૨૨-૨૩નાં તમામ કામો ગ્રામ પંચાયતની સામાન્ય સભામાં મંજૂર થયેલાં હતાં. તદુપરાંત, ૧૫મા નાણાપંચનાં કામોમાં તલાટીના સિક્કા ન હોવાની બાબતમાં સરપંચની નહીં પણ તલાટીની વહીવટી જવાબદારી બનતી હતી.

આ તમામ તથ્યોને ધ્યાને લઈ ગાંધીનગર વિકાસ કમિશનરે જિલ્લા વિકાસ અધિકારીનો આદેશ રદ કર્યો છે અને ભાવનાબેનને ફરી સરપંચ પદનો ચાર્જ સોંપવા મંજૂરી આપી છે. આ નિર્ણયથી અંધાત્રી ગામના સમર્થકો અને ગ્રામજનોમાં ખુશીનો માહોલ છવાયો છે, જેમણે ફટાકડા ફોડી અને મીઠાઈ વહેંચીને ઉજવણી કરી હતી. બીજી તરફ વિરોધીઓમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

મોવાછી પાસે જોખમી ડાયવર્ઝનને કારણે વાહનચાલકોના જીવ અધ્ધર

બ્રિજનું કામ વહેલી તકે પૂર્ણ કરવામાં નહીં આવે તો ચોમાસામાં મુશ્કેલી ઊભી થશે

બારડોલી: બારડોલીથી વિહાણ જતા પ્રતાપ રોડ પર આવેલા મોવાછી ગામના પરોણા ફળિયા પાસે મોટી બેદરકારી સામે આવી રહી છે. અહીં ખાડી પરનો વર્ષો જૂનો પુલ જર્જરિત થઈ જતાં તેને તોડીને નવો બનાવવાની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે. જો કે, તંત્ર દ્વારા વાહનવ્યવહાર માટે બાજુમાં જે ડાયવર્ઝન બનાવવામાં આવ્યું છે, તે વાહનચાલકો માટે આશીર્વાદને બદલે આફત સમાન સાબિત થઈ રહ્યું છે.

આ ડાયવર્ઝન પુલ અત્યંત નીચો હોવાની સાથે સાથે તેની આસપાસ સુરક્ષાની કોઈ જ તકેદારી રાખવામાં આવી નથી. ઊંચા ટેકરા પરથી વાહનોને નીચે ઉતારતી વખતે જો વાહનચાલક સહેજ પણ ચૂક કરે, તો વાહન સીધું ખાડીમાં ખાબકે તેવી ગંભીર સ્થિતિ સર્જાઈ છે. પૂરતી સલામતીના અભાવે અકસ્માતનો ભય સતત મંડરાતો રહે છે, જેના કારણે અહીંથી પસાર થતા વાહનચાલકો ભારે ફફડાટ અનુભવી રહ્યા છે.

ચોમાસું હવે બિલકુલ નજીક છે ત્યારે જો આગામી દિવસોમાં આ બ્રિજનું કામ વહેલી તકે પૂર્ણ કરવામાં નહીં આવે, તો સામાન્ય વરસાદમાં પણ આ નીચો ડાયવર્ઝન પુલ પાણીમાં ડૂબી જવાની પૂરી શક્યતા છે. આ સંજોગોમાં આખો માર્ગ બંધ થઈ જવાની ભીતિ સેવાઈ રહી છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા વાહનચાલકોની સુરક્ષા બાબતે દાખવવામાં આવી રહેલી ઘોર ઉદાસીનતાને પગલે સ્થાનિકો અને મુસાફરોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોની માંગ છે કે કોઈ મોટી જાનહાનિ થાય તે પહેલાં તંત્ર જાગે અને વહેલી તકે આ જોખમી ડાયવર્ઝન પર રેલિંગ તેમજ યોગ્ય સુરક્ષા વ્યવસ્થા ઊભી કરવામાં આવે.

બામણીયામાં પૈસાની અદાવતમાં હુમલો

અનાવલ: અંબિકાના બામણીયા ગામે કૌટુંબિક જમીનમાં આવેલા વાંસ વેચવાના પૈસાની લેતીદેતીને લઈને કુહાડી વડે જીવલેણ હુમલો કર્યો હતો. બામણીયા ગામના હટવાડા ફળિયામાં રહેતા રમેશભાઈ મગનભાઈ રાઠોડે તેમની અને ફરિયાદી સતીષભાઈ રાઠોડની માતાની સંયુક્ત માલિકીની જમીનમાં આવેલા વાંસ વેચવાના પૈસાની માંગણી કરી ઝઘડો કર્યો હતો. પૈસા ન મળતાં અદાવત રાખી રમેશભાઈ લાકડાના હાથાવાળી કુહાડી લઈને આવ્યા હતા અને પથારીમાં આરામ કરી રહેલા પોતાના શિવરામભાઈ પાડુંભાઈ રાઠોડ (ઉં.વ. 55) પર હુમલો કર્યો હતો. હુમલાખોરે કુહાડીના પાછળના બોથડ ભાગથી ચહેરા પર પ્રહાર કરતાં શિવરામભાઈના ડાબા જડબામાં અને દાઢીના ભાગે ફેક્ચર થયું હતું તેમજ હોઠ પર ટાંકા આવ્યા હતા. બનાવ બાદ ઈજાગ્રસ્તને તાત્કાલિક સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ, સુરત ખસેડવામાં આવ્યા હતા.

ઝોળીમાં ભરી દર્દીને હોસ્પિ. પહોંચાડાયો

ડેડિયાપાડામાં વરસાદથી રસ્તા બંધ થતાં ૧૦૮ની ટીમે પથ્થરો હટાવ્યા, બાદ ઉમદા કામગીરી કરી ઝોળીમાં હોસ્પિટલ ખસેડ્યો

સાગબારા, ભરૂચ: ડેડિયાપાડા તાલુકામાં સાતપુડાની તળેટીમાં ધોધમાર વરસાદ વચ્ચે 108 ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવાએ નવતર કાર્ય કરી બતાવ્યું છે. મુશળધાર વરસાદ, કાદવ-કીચડ અને રસ્તા પર પડેલા પથ્થરો-વૃક્ષો વચ્ચે પણ ટીમે દર્દીને સમયસર સારવાર માટે હોસ્પિટલ પહોંચાડીને માનવતાનો દાખલો બેસાડ્યો છે.

ડેડિયાપાડાના પાનખલા ગામે એક વ્યક્તિને સાપ કરડ્યો હતો. આ ઘટનામાં પરિવારજનોએ 108 એમ્બ્યુલન્સ સેવાને કોલ કર્યો હતો. જો કે, ભારે વરસાદના કારણે રસ્તાઓ પર કાદવ જામી ગયો હતો, મોટા પથ્થરો પડ્યા હતા અને વૃક્ષો ધરાશયી થઈ ગયાં હતાં. આવી વિષમ પરિસ્થિતિમાં વાહન લઈ જવું લગભગ અશક્ય હતું.

108ના પાયલોટ મેહુલ વસાવા અને EMT સુનીલ રાઠવાએ કફોડી હાલતમાં પણ કર્તવ્યનિષ્ઠા સાથે વાન લઈને કોશિશ શરૂ કરી હતી. પાનખલા અને વાઘઉંમર ગામ વચ્ચે વરસાદને કારણે પડેલા પથ્થરો અને વૃક્ષોને બંને કર્મચારીઓએ જાતે હટાવ્યાં હતાં.

જો કે, દર્દીના ઘર સુધી વાન પહોંચી શકી નહીં. ત્યારે આ બંને કર્મચારીએ દર્દીને ઝોળીમાં બેસાડી મુશ્કેલ રસ્તા પર પગદંડીએ એમ્બ્યુલન્સ સુધી પહોંચાડ્યો હતો.ત્યારબાદ દર્દીને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

આ ઘટના જોઈને સ્થાનિકોએ જણાવ્યું કે, આવા કપરા સમયમાં પણ 108 ટીમનું માનવીય અભિગમ જોઈને લાગે છે કે હજુ માનવતા જીવંત છે. કર્મચારીઓની આ સેવાભાવી વૃત્તિ બદલ સ્થાનિકોએ તેમની પીઠ થપથપાવી હતી.

કંબોડિયાનામાં બે કારમાંથી રૂ.3.38 લાખનો દારૂ ઝડપાયો

ભરૂચ એલસીબીની કાર્યવાહી, દારૂ અને કાર મળી રૂ.12.38 લાખનો મુદ્દામાલ કબજે કરાયો

નેત્રંગ: ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચ ગત તા.૨૬ના રોજ નેત્રંગમાં પેટ્રોલિંગમાં હતી. દરમિયાન બાતમી મળી હતી કે, કંબોડિયાના પટેલ ફળિયામાં રહેતો પ્રવીણ ઉર્ફે બટકો ગુલાબ પાટણવાડીયા વાડાના ભાગે વિદેશી દારૂનો જથ્થો છુપાવીને બેઠો છે. તેણે ત્યાં પાર્ક કરેલી બે ફોરવ્હીલ ગાડીઓ નં.(GJ-06-LE-3072) અને (GJ-22-P-5983)માં ઇંગ્લિશ દારૂ ભરી રાખ્યો છે. આ બાતમીના આધારે પોલીસે રાત્રે ઓચિંતી રેડ પાડી હતી. તપાસ દરમિયાન ગાડીઓની તલાશી લેતાં તેમાંથી દારૂની બોટલો તેમજ બીયરના ટીન મળી કુલ ૨૩૦૪ નંગ દારૂનો જથ્થો મળી આવ્યો હતો, જેની કિંમત રૂ.૩,૩૮,૨૫૬ થાય છે. પોલીસે રૂ.૩.૩૮ લાખનો દારૂ અને રૂ.૯,૦૦,૦૦૦ની કિંમતની બે ફોરવ્હીલ ગાડીઓ મળી કુલ રૂ.૧૨,૩૮,૨૫૬નો મુદ્દામાલ ઘટના સ્થળેથી જપ્ત કર્યો છે. જો કે, પોલીસ રેડ દરમિયાન મુખ્ય આરોપી બુટલેગર પ્રવીણ ઉર્ફે બટકા ભાગી છૂટવામાં સફળ રહ્યો હતો. આ અંગે નેત્રંગ પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી ફરાર બુટલેગરને વોન્ટેડ જાહેર કર્યો છે અને તેને ઝડપી પાડવા માટે આગળની કાર્યવાહી હાથ ધરી છે.